# પ્રસ્તાવના

હાસ્યક્ષેત્રે કોઈ તેજસ્વી કલમનો નવપ્રવેશ થાય છે ત્યારે મને સ્વાભાવિક જ આનંદ થાય છે. જ્ઞાતિપ્રથાની ચુસ્તતાનો હું હિમાયતી નથી. છતાં, હાસ્યલેખકોની ટૂંકી નાતમાં ઉમેરો થાય છે એ મને અવશ્ય ગમે છે. એકવીસમી સદીના પ્રારંભ સાથે ગુજરાતી હાસ્ય સાહિત્યનાં નસીબ વિશેષ ઊઘડ્યાં હોય એવું લાગે છે. પહેલા દાયકામાં જ કેટકેટલી નવી કલમોએ હાસ્યક્ષેત્રે પદાર્પણ કર્યું! એમાંય આ નવી કલમોમાં બહેનો સરસાઈ ભોગવી રહી છે એની નોંધ લીધા વગર ચાલે તેમ નથી. આજે એકવીસમી સદીના ત્રીજા દાયકામાં એક નવી સશક્ત કલમના નવપ્રવેશને વધાવવાનો આનંદ મને મળી રહ્યો છે. છેલ્લાં બે-ત્રણ વર્ષથી ગુજરાતી ભાષાનાં પ્રતિષ્ઠિત સામયિકો દ્વારા બહેન આનંદિતા રૈયાણીની કલમપ્રસાદી મળતી રહી છે. આજે એમની હાસ્યરચનાઓ ગ્રંથસ્થ થઈ રહી છે. તે પ્રસંગે હું મારો આનંદ પ્રગટ કરવા આ લખી રહ્યો છું. વિનોદ ભટ્ટ વિશેના મારા ચરિત્રનિબંધમાં વર્ષો પહેલાં મેં લખેલું કે “આજના આ સુપ્રસિદ્ધ હાસ્યકારનું નામકરણ કરનાર વ્યક્તિને ખબર નહીં હોય કે જે છોકરાનું નામ હું ‘વિનોદ’ પાડું છું તેના જીવનનો પ્રધાન સૂર વિનોદ બની રહેશે.” આનંદિતાબહેન માટે પણ ભવિષ્યમાં આવું લખાશે એવી મને શ્રદ્ધા છે.

બહેન આનંદિતા રૈયાણીમાં હાસ્યની અસલ સૂઝ છે. આ સૂઝનો લેખનમાં વિનિયોગ કરવાની પૂરી ક્ષમતા પણ છે. એમનું આ પ્રથમ જ પુસ્તક છે. છતાં, એમના હાસ્યલેખનમાં પરિપક્વતા દેખાઈ આવે છે. કોઈ પણ સ્વરૂપની સાહિત્યિક રચનામાં – એમાંય હાસ્યરચનાઓમાં તો વિશેષ – અનાયાસપણાનો ઘણો મહિમા છે. આનંદિતાબહેનના લેખનમાં અનાયાસપણે – અત્યંત સહજતાથી – હાસ્યનું નિર્વાણ થતું રહે છે. હાસ્યનિષ્પત્તિ માટેની મહત્ત્વની તમામ પ્રયુક્તિઓ એમને સહજસિદ્ધ છે. આ પ્રયુક્તિઓનો વિનિયોગ એ બહુ આસાનીથી કરી શકે

છે. વિષયોની તાજગી પણ આ સંગ્રહની એક વિશેષતા છે. હાસ્યલેખનના રૂઢ વિષયોથી એ મહદંશે દૂર રહ્યાં છે. નવી પેઢીના હાસ્યલેખકો પ્રમાણમાં ઓછું વાંચે છે એવી સાચી-ખોટી છાપ છે. આનંદિતાબહેનના લેખો વાંચતાં આ છાપ સાચી નહીં હોય એવું લાગે છે. આનંદિતાબહેનના વાંચનના સંદર્ભો હાસ્યનિષ્પત્તિનું નિમિત્ત બનીને એમના લેખોમાં દેખાયા કરે છે.

અલ્પધન ગુજરાતી હાસ્યસાહિત્યમાં ગુણવત્તાયુક્ત અર્પણ કરવાની પૂરી ગુંજાશ સાથે આવેલાં આનંદિબહેનનું હું ઉમળકાભેર સ્વાગત કરું છું અને ભવિષ્યમાં ‘આ રંગ થકી પણ અધિક સરસ રંગ થશે’ એવી હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.

**– રતિલાલ બોરીસાગર**

# મારી હકીકત

વાત બહુ જૂની નથી, હમણાંની જ છે, 16 ડિસેમ્બરની. હંમેશાંની જેમ જ પતિદેવ કામ અર્થે બહાર હતા અને છોકરાંઓ સ્કૂલે અને બંદા 'હોમ અલોન'. શાંતિદૂતનો ઇલકાબ આ જાલિમ દુનિયાએ ભલે ને ના આપ્યો હોય પણ અમે જાતે લઈ લીધો છે અને એને શોભાવે એવા યથાયોગ્ય પ્રયત્નો અમે કરતાં રહીએ છીએ, જેમ કે શાંતિથી નાસ્તો કરવો, નિરાંતે છાપાં વાંચવાં. આ શાંતિરથ આગળ વધે એ પહેલાં ડૉરબેલ વાગી, જોયું તો કુરિયર હતું. લઈને દરવાજો બંધ કરું એ પહેલાં તો અમારા પાડોશી દક્ષાબહેન આવ્યાં. જરાક હસીને અમે કોઈપણ જાતની ઔપચારિકતા કે પૂર્વભૂમિકા વગર વાતોમાં મંડાણાં! એમ જ કહેવાય ને! અમે અલકમલકની વાતો સવાર-સવારમાં ઉપાડી. જોકે અમારા માટે આ જરાય નવું નથી, અમે આવું ઘણી વાર કરેલું છે. અમારો અવાજ સાંભળીને અમારા બીજા પાડોશીઓએ પણ હાજરી પુરાવી. અફકોર્સ વાતોથી જ. બહુ મજા આવી. નહીં-નહીં તોય અમે કલાકેક તો 'ગપ્પાં ગોષ્ઠિ' કરી હશે. હજુ અમારા સ્ટૉકમાં તો ઘણું બધું હતું, પણ એ બધું સાંજે એમ વિચારીને અમે સભા બરખાસ્ત કરી.

ઘરમાં આવીને જોયું તો પોણા દસ! અને હજી તો કપડાં ધોવાનાંય બાકી હતાં. બેડ પર કરેલો કપડાંનો ઢગલો ઉપાડ્યો અને મશીનમાં નાખ્યો, આજે બહુ મોડું થયું હતું એટલે એક-એક કરીને નાખવાનો ટાઇમ નહોતો. મશીન ચાલુ કરીને હું મારા બીજા કામે વળગી. મને રોજ સવારે રેડિયા પર ગીતો સાંભળવા ગમે. આજે કામમાં મન લાગતું ન હતું. ચકોર મગજે મનને ધમકાવ્યું. એક તો મોડું થયું છે અને આવા ફિતૂર! બિચારું મારું મન માની ગયું. ઝાપટઝૂપટ કરી, કચરો વાળી લીધો. પોતું ચાલુ

કર્યું ત્યાં તો મશીનમાં કંઈક અવાજ આવતો હોય એવું લાગ્યું, આ અવાજ રોજ જેવો તો બિલકુલ ન હતો. મશીન બંધ કરીને મેં મશીનમાં હાથ નાખ્યો, જાણે નવી વહુ 'કોડી કૈડો' રમતી હોય અદ્દલ એમ જ! વરઘોડિયાને તો ખબર હોય કે વીંટી ગોતવાની હોય પણ અહીં તો મને બિચારીને તો એય ખબર ન હતી કે શું ગોતવાનું છે? કંઈ હાથમાં આવતું ન હતું. 'હાર્યો જુગારી બમણું રમે' એ ઉત્સાહથી હવે કંઈક મળી જાય એ આશામાં મારા હાથ ફટાફટ ફરતા હતા. થોડીક મથામણ પછી જે હાથમાં આવ્યું એનાથી અચાનક જ ધ્રાસકો પડ્યો. આ વખતે ચોંકવાનો વારો મારો હતો. અવાજનું કારણ તો મળ્યું, ધબકારા લગભગ બંધ થવાની અણી ઉપર હતા. મારા હો! કેમ કે એનાં તો પહેલેથી જ રામ રમી ગયા હતા. ઈશ્વરના દરબારમાં મારા નામે એક ગુનો નોંધાઈ ગયો હતો. કડકડતી ઠંડીમાં કોઈને અડધા કલાક સુધી અજાણતાં જ વૉશિંગ મશીનમાં ધોવાનો અને મરણને શરણ કરવાનો, બિચારો મારો ફોન!

મેં ફટાફટ 108ના કાબેલ ડૉક્ટરને છાજે એટલી ઝડપથી એને નૅપ્કિનથી કોરો કર્યો. આવડતાં હતાં એટલાં બધાં જ ભગવાનનાં નામ લઈ લીધાં. અડધા કલાક પાણીમાં તો એ રહ્યો હતો, પણ હાથ મારા ધ્રૂજતા હતા. ધ્રૂજતા હાથે માંડ ફોન ખોલ્યો. આવું થાય ત્યારે ફોનને તડકે મુકાય એવું મેં ઘણી વાર સાંભળેલું અને એને બિચારાને સાચેસાચ તડકે મૂક્યો. ફોનને પાણીમાં પધરાવનારા લોકો અત્યાર સુધી મને બેદરકાર જ લાગતા. મેં મનોમન એ બધાની માફી પણ માગી. સિરિયસલી... મારો દૃષ્ટિકોણ પણ બદલાયો હતો, એક જમાનામાં જે લોકો મને બેદરકાર લાગતા હતા એ આજે મને બિચારા લાગવા મંડ્યા હતા.

ફેંસલાના સમયે જેમ કોર્ટમાંથી આરોપીને સેલ્ફ ડિફેન્સમાં કરેલા ખૂન પછી પણ છોડી દેવામાં આવે અને એણે જે કર્યું એ બરાબર કર્યું એવું જ કોઈ અત્યારે મને કહી દે તો મનનો બધો જ ભાર ઊતરી જાય એવું મને લાગ્યું. કાશ... કોઈ મને કહે કે એમાં

શું? આવું તો થાય! પણ કોને કહેવું એવી મીઠી મૂંઝવણ થઈ. દક્ષાબહેનને કીધું તો એમણે કહ્યું, "અરરર, હવે મારા ભાઈ શું કહેશે?" જે મારે સાંભળવું હતું એવું એમણે કંઈ ના કીધું. એમની વાતોથી મારી ચિંતા બેવડાઈ ગઈ. એમણે મને ફોન આપ્યો અને બોલ્યા કે "કરોને ફોન." અત્યાર સુધી ખાધેલી બધી બદામ એળે ગઈ. મને મોઢે ખાલી બે નંબર આવડ્યા. પપ્પાનો અને પતિદેવનો પણ એ બેયને કહેવા કરતાં ભાઈને કહેવાનું વધુ સલામત હતું, પણ હાય રે યાદશક્તિ! એના ત્રણ-ચાર નંબરમાંથી મને એક પણ ના આવડ્યો. મને અનાયાસે જ પેલું ભજન 'હરિ તારાં નામ છે હજાર કયા નામે લખવી કંકોત્રી...' યાદ આવી ગયું.

પાડોશી દક્ષાબહેનના ફોનમાંથી પપ્પાને અને પતિદેવને ફોન કર્યો કહ્યું કે "કંઈ કામ હોય તો આમાં ફોન કરજો" પણ બેયને એક જ સવાલ થયો, કેમ? મેં મારી રીતે ટૂંકો જવાબ દીધો "બંધ છે." આપણને એમ કે એમને ચિંતા નહીં! ફરીથી અપેક્ષિત સવાલ, કેમ? ચાર્જ કરતાં ભૂલી ગઈ હતી? મેં તો બહુ શાંતિથી કીધું "ના રે... ધોતાં ભૂલી જતી હતી, તો આજે ધોયો!" હવે મારે કહેવાની જરૂર છે કે એમણે શું કીધું હશે?

બસ પછીના પંદરેક દિવસ જિંદગીના યાદગાર દિવસો હતા, જેમાં 'લાઇક કી ભૂખના નોટિફિકેશન કી ચિંતા' આવો આલમ હતો. હતા માત્ર અમે બે 'મૈં ઔર મેરી તન્હાઇ'. ઘણા સમયથી અધૂરાં હતાં એ બધાં કામ લગભગ પૂરાં થઈ ગયાં હતાં. વહાલાની વિદાયનું દુઃખ તો હતું, પણ મેં કોઈને કળાવા ન દીધું. પંદર દિવસમાં મને ખરેખર સમજાયું કે સ્ક્રોલ કરીને દેખાતી એક દુનિયા કરતાં પણ એક સરસ દુનિયા મારી આસપાસ છે. મજાના લોકો છે જે ખાલી ફોટાને નહીં, પણ સાચુકલી મને લાઇક કરે છે, ફોન ન લાગે તો કોઈ હજી પણ મળવા આવે છે. મજા શબ્દનો અર્થ ઘણા સમયે અનુભવાયો. થોડા સમય પહેલાં મારી લખેલી પંક્તિઓ :

*મૃગજળ સરીખા સંબંધમાં મશગૂલ*
*સાચુકલા સંબંધ ખોઈ બેઠાં...*
*હાથવેંત હતી માહિતી*
*ને અમે ગૂગલ કરી બેઠાં...*

મને યાદ આવી ગઈ, પણ મારું સુખ બિચારા પતિદેવથી ના જીરવાયું. આપણે આજ સુધી જે કર્યું હોય એનો ખાર તો હોય જ અને એમણે વિચાર્યું કે આ નવરી થશે તો 'વધારે નડશે!' એક સાંજે એમણે મને બહુ પ્રેમથી બેસાડી, ગિફ્ટ રેપ કરેલું એક બૉક્સ આપ્યું અને બોલ્યા, "લે તારું ઇનામ...આને ઍનિવર્સરીની ગિફ્ટ સમજજે. બહુ કહેવાય મને હતું કે મોબાઇલ વગર તને એક દિવસ પણ નહીં ચાલે, તે મને ખોટો પાડ્યો". મેંય વિવેક કર્યો "અરે! એની શું જરૂર છે?" પણ એ તો મને વિજેતાથી ઓછી માનવા તૈયાર જ ન હતા. મારે ગિફ્ટ લેવી જ પડી. પછી તો જિંદગી સૅમસંગ ગૅલેક્સીથી ઝળહળી ઊઠી. 'સુખ ભરે દીન બીતે રે ભૈયા...' બે-ચાર દિવસ બિચારાને નજર અંદાજય કર્યો, પણ દરિયા સામે તણખલાની શી વિસાત!

ईश्वरेच्छा बलियसी માનીને અમે ફરી એક વાર આભાસી દુનિયામાં નવા હથિયાર સાથે રંગેચંગે હાજર થઈ ગયા. લોકો સોશિયલ મીડિયાને નાહકના જ બદનામ કરે છે... નહીં?

*(જૂન ૨૦૧૯, 'નવનીત સમર્પણ'માં પ્રકાશિત)*